ગુજરાત રાજયમાં આવેલ એક ઈજનેરી કોલેજ / પોલીટેકનીકમાંથી બીજી ઈજનેરી / પોલીટેકનીકમાં વિદ્યાર્થીઓને બદલી આપવા માટેના નિયમો – અનુસરવાની પધ્ધતિ

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃટીઈએમ/૧૦૨૦૦૩/૧–સ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ–૧૩–૩–૨૦૦૩

વંચાણે લીધા :–

(૧) શિક્ષણ વિભાગનો તા.૪–૬–૮૫ નો ઠરાવ ક્રમાંકઃજીટીઆઈ/૧૦૮૫/૧૪૫૩/ઘ.
(૨) શિક્ષણ વિભાગનો તા.૭–૮–૮૫ નો ઠરાવ ક્રમાંકઃજીઈસી/૧૦૮૫/૧૪૫૩/ઘ.
(૩) શિક્ષણ વિભાગનો તા.૧૦–૯–૮૬ નો ઠરાવ ક્રમાંકઃટીઈએમ/૧૦૮૬/૨૨૩૦/સ.
(૪) શિક્ષણ વિભાગનો તા.૨૫–૯–૮૬ નો ઠરાવ ક્રમાંકઃટીઈએમ/૧૦૮૬/૨૨૩૦/ઘ.

ઠરાવ :–

ગુજરાત રાજયમાં ઈજનેરી કોલેજ/પોલીટેકનીકમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને એક ઈજનેરી કોલેજ/પોલીટેકનીકમાંથી બીજી ઈજનેરી કોલેજ/પોલીટેકનીકમાં બદલીથી પ્રવેશ આપવાના નિયમો વંચાણે લીધેલા ઉકત સંદર્ભિત ઠરાવો અન્વયે બહાર પાડવામાં આવેલા છે. જેમાં પુનઃ વિચારણા કરીને નવેસરથી આદેશો બહાર પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે જુના નિયમો રદ કરીને, આ સાથે સામેલ પરિશિષ્ટ–૧ અનુસારના નિયમો અમલમાં મુકવાનું ઠરાવવામાં આવે છે.

આ હુકમો તાત્કાલિક અસરથી અમલમાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી/–
(આર.વી. સુથાર)
સરકારના ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
(૧) માન. મંત્રીશ્રી ( શિક્ષણ) ના અંગતસચિવશ્રી,
(૨) ટેકનીકલ શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
(૩) અધ્યક્ષશ્રી, ટેકનીકલ પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજય, ગાંધીનગર.
(૪) તમામ આચાર્યશ્રી / સરકારી / ગ્રાન્ટ ઈન એઈડ ઈજનેરી તેમજ ડીપ્લોમા પોલીટેકનીકો, (ટેકનીકલ શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફતે)
(૫) તમામ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ
(૬) સીલેકટ ફાઈલ
(૭) ના.સે.અ. સીલેકટ ફાઈલ.

-

**શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃટીઈએમ–૧૦૨૦૦૩–૧–સ, તા.૧૩–૩–૨૦૦૩નું બિડાણ**

## <u>પરિશિષ્ટ–૧</u>

સરકારી અને ગ્રાન્ટ–ઈન–એઈડ ડીગ્રી ઈજનેરી ફાર્મસી કોલેજોમાં વિદ્યાર્થીઓની આંતરીક શાખા બદલી તેમજ સંસ્થા બદલી અંગેના નિયમો.

********************

### <u>નિયમ–૧ આંતરીક શાખા બદલી અંગેના નિયમ :</u>

(૧) પ્રથમ વર્ષ અથવા બીજુ સેમેસ્ટર પુરુ થયા બાદ તેમાં મેળવેલ માર્કસની મેરીટ આધારે વ્દ્યિાર્થીઓની મળેલ અરજીઓ પરથી સંસ્થાના આચાર્ય આંતરીક શાખા બદલી આપી શકશે.

(૨) અન્ય સંસ્થામાંથી બીજા વર્ષ/ત્રીજા સેમેસ્ટરની શરુમાં બદલાઈને આવેલ વિદ્યાર્થીને આંતરીક શાખા બદલી આપવામાં આવશે નહીં.

### <u>નિયમ–૨ વિદ્યાર્થીઓની કોલેજ બદલી અંગે :</u>

પ્રથમ વર્ષ અથવા બીજુ સેમેસ્ટર પુરુ થાય તે દરમ્યાન કોઈપણ વિદ્યાર્થીને બદલી આપવામાં આવશે નહીં.

### <u>નિયમ–૩ કયારે બદલી થઈ શકશે. :</u>

જયાં વર્ષની પધ્ધતિ હોય ત્યાં બીજા, ત્રીજા કે ચોથા વર્ષની શરુમાં જયારે જયાં સેમેસ્ટરની પધ્ધતિ હોય ત્યાં ત્રીજા, પાંચમા કે સાતમા સેમેસ્ટરની શરુમાં બદલી થઈ શકશે.

### <u>નિયમ–૪ કયા સંજોગોમાં બદલી થઈ શકશે :</u>

વિદ્યાર્થીઓની બદલી માત્ર નીચેના સંજોગોમાં કરી આપવામાં આવશે. પરંતુ નિયમ (૧) હેઠળ વિદ્યાશાખા બદલી મેળવનાર વિદ્યાર્થી બીજા વર્ષનીકે ત્રીજા સેમેસ્ટરની શરૂઆતમાં સંસ્થા બદલી મેળવવા પાત્ર થશે નહીં.

(૧) વિદ્યાર્થીના પ્રથમ વર્ષમાં પ્રવેશ બાદ માતા અથવા પિતાનું અવસાન થયું હોય.

(૨) વિદ્યાર્થી જે સ્થળે અભ્યાસ કરતો હોય તે સ્થળ વિદ્યાર્થીની તબિયતને અનુકૂળ ન હોય અને તેથી સ્થળ ફેર માટે તબીબી બોર્ડએ ભલામણ કરી હોય.

(૩) જો બે સરકારી કોલેજોમાં એકજ સેમેસ્ટરમાં વિદ્યાર્થીઓ અરસ પરસ બદલી કરવા સંમત હોય તો બન્ને કોલેજના પ્રિન્સીપાલની સંમતિ મેળવી સેમેસ્ટરના બાધ વિના પણ બદલી કરી શકશે.

-

**નિયમ–૫ બદલીઓ કેટલી સંખ્યામાં થઈ શકશે તે અંગે :**

કોઈપણ વિદ્યાશાખામાં જેટલી જગ્યા ભરાયા વિના રહે તે, કે બદલીના કારણે અથવા અન્ય કારણે ખાલી થાય તે ઉપરાંત કુલ મંજુર થયેલ જગ્યાઓના ૧૦ ટકા જગ્યાઓ પ્રતિ વર્ષ સંસ્થામાંથી બદલીથી, સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો તથા એ.આઈ.સી.ટી.ઈ.ના નિયમોને આધિન રહીને બદલીથી ભરી શકાશે.

**નિયમ–૬ અરજી કરવાની સમય મર્યાદા :**

(૧) વિદ્યાર્થીએ પોતાની હાલની કોલેજના આચાર્યને નિયત નમુના–૧ માં ૧ ઓગષ્ટથી ૧૫ મી સપ્ટેમ્બર સુધીમાં અરજી કરવાની રહેશે. આ સાથે જ નિયામક, ટેકનીકલ શિક્ષણને અરજી કરવાની રહેશે. આ માટે સંસ્થા કક્ષાએ અગ્રતા રજીસ્ટર રાખવાનું રહેશે. અને ૧૬ મી સપ્ટેમ્બરે દરેક પ્રિન્સીપાલ મળેલ અરજીઓની યાદી મેરીટ મુજબ બહાર પાડશે.

(૨) નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણએ તમામ સંસ્થાઓના વર્ષ કે સેમેસ્ટર શરુ થવાની તારીખો ૭૫ દિવસ પહેલાં જાહેર થાય તેની કાળજી લેવાની રહેશે. અને તેની વિગતો વેબસાઈટ ઉપર મુકવાની રહેશે.

(૩) સમય મર્યાદા પછી કરવામાં આવેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં.

(૪) સંસ્થા દીઠ / વિદ્યાશાખા દીઠ મળેલ અરજીઓ પૈકીના વિદ્યાર્થીઓની મેરીટ ધ્યાને લઈ બદલી કરવામાં આવશે.

**નિયમ–૭ અરજી મળ્યા બાદ પ્રિન્સીપાલની જવાબદારી :**

(૧) અરજીઓ મળવાની સમય મર્યાદા પૂરી થયાના બીજા જ દિવસે, આચાર્યશ્રી અરજીઓ નમુના–૨ મુજબ રુબરુમાં સંબંધિત મેડીકલ બોર્ડને મોકલાવીને નિયામકને નકલ મોકલાવી આપશે.

(૨) માતા/પિતાના અવસાનના કારણોસરની બદલીની અરજી આચાર્યશ્રી દવારા નિયામક, ટેકનીકલ શિક્ષણને મોકલવામાં આવશે.

**નિયમ–૮ મેડીકલ બોર્ડ દવારા કામગીરી :**

(૧) મેડીકલ બોર્ડે તેમને મળેલ તમામ અરજીઓના વિદ્યાર્થીઓની તબીબી તપાસ કરી તબિયત સંબંધમાં જરૂરી પ્રમાણપત્ર આપશે. જેમાં વિદ્યાર્થીઓને કયા સ્થળો અનુકુળ છે અને કયા પ્રતિકુળ છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરશે.

(૨) મેડીકલ બોર્ડે જે તેઓને મળેલ અરજીઓના સંબંધે મેડીકલ સર્ટીફીકટ નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરીને રજી. એ.ડી. થી સીધે સીધા મોકલાવી આપશે.

(૩) આચાર્ય તરફથી અરજીઓ મળ્યા બાદ વધુમાં વધુ ૩૦ દિવસમાં મેડીકલ બોર્ડે તપાસ પ્રમાણપત્રો મોકલવાની તમામ કાર્યવાહી કરશે.

(૪) મેડીકલ બોર્ડની કામગીરી સમય મર્યાદામાં થાય તેના લાયેઝર્નીંગ માટ નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ દવારા સ્થાનિક કક્ષાએ અધિકારીને કામગીરી સોંપવામાં આવશે.

**નિયમ–૯(૧) બદલી માટે સમિતિની કચના :**

તબીબી પ્રમાણપત્રો આધારે નીચે મુજબના સભ્યોની બનેલી બદલી સમિતિ બદલી અંગે નિર્ણય લેશે.માતા પિતાના અવસાનના કારણે મળેલ અરજીઓની વિચારણા પણ આ સમિતિમાં આ સાથે જ કરવામાં આવશે.

| | | |
|---|---|---|
| (૧) | નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ | અધ્યક્ષ |
| (૨) | યુનિવર્સિટીના ટેકનીકલ ડીન–ગુજરાત યુનિવર્સિટી | સભ્ય |
| (૩) | યુનિવર્સિટીના ટેકનીકલ ડીન–સૌરાષ્ટ્ર યુનિવર્સિટી | સભ્ય |
| (૪) | યુનિવર્સિટીના ટેકનીકલ ડીન–સરદાર પટેલ યુનિવર્સિટી | સભ્ય |
| (૫) | અનુ.જાતિના સ્વૈચ્છિક સંસથાના પ્રતિનિધિ | સભ્ય |
| (૬) | મહીલાઓ માટેની સ્વૈચ્છિક સંસથાઓના પ્રતિનિધિ | સભ્ય |

(૨) આ સમિતિને વહીવટી સુવિધાઓ, નિયામકરી ટેકનીકલ શિક્ષણી કચેરી દવારા આપવામાં આવશે.

(૨) આ સમિતિની મુદત ત્રણ વર્ષની રહેશે. આ સમિતિ સંબંધિત યુનિવર્સિટીના એલીજીબીલીટી અને પરિક્ષાના સમયપત્રક તથા વર્ષ/સેમેસ્ટરની શરુઆત વગેરે બાબતો ધ્યાને રાખીને યોગ્ય ભલામણ કરશે અને આ ભલામણના અનુસંધાને વિદ્યાર્થીઓની સંસથા બદલીના હુકમો નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ દવારા કરવામાં આવશે.

કોલજ કક્ષાએ મળેલ અરજીઓ અને તે પૈકી સંસ્થા બદલી થયેલ કેસો તથા સંસ્થા બદલી કરવામાં આવેલ ન હોય તેવા કેસો ( કારણો સહિત) વિગતો વેબસાઈટ ઉપર મુકવામાં આવશે.

**નિયમ–૧૦ બદલી કયા સ્થળે થઈ શકશે :**

એક જ સ્થળે બદલી માટે વધુ કેસો હોવાના સંજોગોમાં મેરીટ ક્રમ મુજબ બદલી કરી આપવામાં આવશે.

**નિયમ–૧૧ બદલીના હુકમોનો અમલ :**

(૧) વિદ્યાર્થીને જે વર્ષ કે સેમેસ્ટરમાં બદલી મળનાર હોય તે વિદ્યાર્થીએ માતૃ સંસ્થામાંથી, યથા પ્રસંગ અગાઉનું પહેલું / બીજુ / ત્રીજું વર્ષ અથવા બીજુ / ચોથુ / છઠ્ઠુ, સેમેસ્ટર પાસ કરેલ હોવું જોઈએ. પાસ કરવાની શરતે બદલી આપી શકાશે પરંતુ વિદ્યાર્થી ખરેખર પાસ ન થાય તો બદલીનો હુકમ આપો આપ રદ થઈ જશે.

(૨) બદલી માંગનાર વિદ્યાર્થીની માતૃ સંસ્થાના આચાયૃએ વિદ્યાર્થીના પરિણામની જાણ ફેકસથી તેમજ લેખતીમાં નિયામક તેમજ સુચિત બદલીની સંસ્થાના આચાર્યને કરવાની રહેશે.

**નિયમ–૧૨** એક સ્વનિર્ભર સંસ્થામાંથી બીજી સ્વનિર્ભર સંસ્થામાં બદલી માટે રાજય સરકાર હસ્તક્ષેપ કરશે નહીં કે તેમાટે રાજય સરકાર દવારા કોઈ મંજુરી આપવાની રહેશે નહીં. અભ્યાસક્રમ, પરીક્ષા અને એલીજીબીલીટી જેવી બાબતોને ધ્યાને લઈ વિદ્યાર્થી હાલમાં જે સ્થળે અભ્યાસ કરે છે તે સંસ્થા તેમજ બદલી માંગેલ સંસ્થા અરસ પરસ સંમતિથી વિદ્યાર્થી બદલી કરી શકશે.

**નિયમ–૧૩** નિયમોના અર્થઘટનનો પ્રશ્ન હોય તો સરકારનો નિર્ણય આખરી રહેશે.

-

# <u>નમુનો–૧</u>

## <u>વિદ્યાર્થી કોલેજ બદલી અંગેનું ફોર્મ</u>

( આ અરજી લેખિતમાં આચાર્યશ્રીને આપવી. સાથોસાથ નિયામક ટેકનીકલ શિક્ષણને ઓનલાઈન કોમ્પ્યુટર અથવા ઈ–મેઈલ એડ્રેસ ઉપર જાણ કરવી )

---

(૧) વિદ્યાર્થીનું નામ :

(૨) પ્રવેશ મેળવેલ કોલેજનું નામ :

(૩) પ્રથમ વર્ષમાં પ્રવેશનું વર્ષ
મેરીટ નંબર, માર્કસ :

(૪) હાલ જે વિદ્યાશાખામાં અભ્યાસ
કરે છે તેનું નામ અને વર્ષ/સેમેસ્ટર :

(૫) જે સંસ્થામાં બદલી માંગેલ છે તે
સંસ્થાનું નામ :

(૬) કઈ વિદ્યાશાખામાં બદલી મેળવવા :
ઈચ્છે છે ?
( નિયમ–૧૧ જુઓ )

(૭) બદલીનું કારણ :

(૮) અન્ય વિગતો :

વિદ્યાર્થીની સહી

### <u>સંસ્થાનું પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, શ્રી ....................................... વિદ્યાર્થીએ

ફોર્મમાં જે હકીકતો દર્શાવી છે તે સાચી છે. વિદ્યાર્થીને બદલી માટે ભલામણ કરવામાં આવે છે.

સ્થળ : આચાર્યની સહી/–
તારીખ :

# નમુનો–૨

## રુબરુ માણસ સાથે :

ક્રમાંકઃ
સંસ્થાનું નામ :
તારીખ :

પ્રતિ,
અધ્યક્ષશ્રી,
................... મેડીકલ બોર્ડ

વિષય :– વિદ્યાર્થીઓની સંસ્થા બદલીની વિનંતી સબબ તબીબી તપાસ કરવા બાબત.

શ્રીમાન,

સવિનય જણાવવાનું કે, નીચે મુજબના વિદ્યાર્થીઓએ તેમની તબિયતના કારણોસર આ સંસ્થામાંથી અન્ય સંસ્થામાં બદલી માટે વિનંતી કરી છે. જે અરજીની ઝેરોક્ષ નકલ સામેલ છે. આ વિદ્યાર્થીઓની તબીબી તપાસ કરી તેમના હવે પછીના અભ્યાસ માટે સ્થળ ફેરી આવશ્યકતાહોય તો તે મુજબનું પ્રમાણપત્ર આપવા વિનંતી છે.

(૨) આ પ્રમાણપત્રો બારોબાર નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ ગુજરાત રાજય, ગાંધીનગર (બ્લોક નં.૨, બીજો માળ, જુના સચિવાલય, ગાંધીનગર ફોન નં. ૦૦૭૯ – ૩૨૫૩૫૪૬, ૩૨૨૦૭૨૮ ફેકસ નં. ............) ને રજીસ્ટર્ડ એ.ડી. થી મોકલાવી આપવા અને અત્રે જાણ કરવા વિનંતી કરવામાં આવે છે.

(૩) જો કોઈ વિદ્યાર્થીને અભ્યાસ માટે સ્થળ ફેરની જરૂર ન હોય તો તે પણ જણાવવા વિનંતી છે.

(૪) આ પત્ર મળ્યા તારીખથી તબીબી તપાસ કરવાની અને પ્રમાણપત્ર આપવાની તમામ કાર્યવાહી વધુમાં વધુ દિન–૩૦ માં પૂર્ણ કરવા વિનંતી છે. કારણ કે, વિવિધ યુીનવર્સિટીઓના સત્રો પુર્ણ / શરુ થવાની સમય મર્યાદા અલગ અલગ હોઈ વિદ્યાર્થીઓની રજુઆત અંગે સત્વેર નિર્ણય લેવા આવશ્યક છે.

(૫)

| અ.નં. | વિદ્યાર્થીનું નામ | હાલની વિદ્યાશાખા વર્ષ | બદલી માગેલ સ્થળ / કોલેજ | બદલી માંગેલ કોલેજમાં હવે સત્ર/વર્ષ શરુ થવાની તારીખ. |
|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| ૧. | | | | |
| ૨. | | | | |
| ૩. | | | | |
| ૪. | | | | |

આપનો વિશ્વાસુ,

(આચાર્ય)

**નકલ સવિનય રવાના :–**

-

# Directorate of Technical Education, Gujarat State
## ટેકનીકલ શિક્ષણ નિયામકની કચેરી, ગુજરાત રાજય

**બીજે માળે, બ્લોક નં. ૨,**
**ડૉ. જીવરાજ મહેતા ભવન,**
**ગાંધીનગર–૩૮૨ ૦૧૦.**

**2nd Floor, Block No. 2,**
**Dr. Jivraj Mehta Bhavan,**
**Gandhinagar – 382 010.**

☎ **:** (079) 3221883, 3226480 (Ext. 100), 3253546, 3224665
**URL : http://dte.gswan.gov.in**

**TELEFAX :** (079) 3224665
**GRAM :** EDUTECH(N)

**E-MAIL : dteguj@yahoo.co.in, dire-dte@gujarat.gov.in**


ક્રમાંક : પવશ/બદલ/૨૦૦૩/ક(૪) તા. / ૬ / ૨૦૦૩

**પરિપત્રઃ–**

ગુજરાત રાજયમાં આવેલ એક ઈજનેરી કોલેજ/પોલીટેકનીકમાંથી બીજી ઈજનેરી કોલેજ/પોલીટેકનીકમાં વિધાર્થીઓને બદલી આપવા માટેના નિયમો સરકારશ્રીના શિક્ષણ વિભાગ, ગાંધીનગર ના તારીખ ૧૩–૩–૨૦૦૩ના ઠરાવ ક્રમાંકઃ ટીઈએમ/૧૦૨૦૦૩/૧/સ થી મંજુર કરેલ છે. જેની નકલો અત્રેની કચેરીનાતારીખ ૨૩/૪/૨૦૦૩ના પત્રક્રમાંક/સંબ./૨૦૦૩/૭૬૨૧/ક(૪)૨૨૩૨૪ થી રાજયની સરકારી, ગ્રાન્ટ ઈન એઈડ, ઈજનેરી/ફાર્મસી કોલેજો/પોલીટેકનીકો/ સંસ્થાઓને મોકલી આપવામાં આવેલ છે. જે અંગે નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

૧. વિધાર્થીએ પોતાની હાલની કોલેજના આચાર્યને નિયત નમૂના–૧ માં ૧ ઓગષ્ટથી ૧૫મી સપ્ટેમ્બર સુધીમાં અરજી કરવાની હેશે અને તેની સાથે જ નિયામક, ટેકનીકલ શિક્ષણને અરજી કરવાની રહેશે, આ માટે સંસ્થા કક્ષાએ અગ્રતા રજિસ્ટર રાખવાનું રહેશે. અને ૧૬ મી સપ્ટેમ્બરે દરેક પ્રિન્સિપાલે મળેલ અરજીઓની યાદી મેરીટ મુજબ બહાર પાડવાની રહેશે. ( વિધાર્થી કોલેજ બદલી અંગેના ફોર્મનો નમૂનો આચાર્યે તેમના નોટીસ બોર્ડ ઉપર મુકવાનો રહેશે.) તેમજ અત્રેની કચેરીના વેબ સાઈટ **http://dte.gswan.gov.in** ઉપલબ્ધ છે.

૨. વિધાર્થીઓની બદલી અંગેની અરજીઓ મળવાની સમય મર્યાદા પુરી થવાના બીજા જ દિવસે આચાર્યશ્રી એ તબીબી કારણોસર બદલીની અરજીઓ ( નમૂના–૨) મુજબ રૂબરૂમાં સબંધિત મેડીકલ બોર્ડને મોકલાવીને એક નકલ ટેકનિકલ શિક્ષણ નિયામકશ્રીને મોકલી આપવાની રહેશે. ( અત્રેની કચેરીના તા. ૨૩/૪/૨૦૩ના પત્રથી બદલીના નિયમો નમૂનો–૨ મોકલી આપવામાં આવેલ છે.)

૩. વિધાર્થીના માતા–પિતાના અવસાનના કારણોસરની બદલીની અરજી આચાર્યશ્રી દ્વારા ટેકનિકલ શિક્ષણ નિયામકને આધાર–પૂરાવાઓ સાથે મોકલી આપવાની રહેશે.

૪. બદલી માંગનાર વિધાર્થીની માતૃ સંસ્થાના આચાર્ય એ વિધાર્થીના પરિણામની જાણ ફેકસથી તેમજ લેખિતમાં ટેકનીકલ શિક્ષણ તેમજ સૂચિત બદલીની સંસ્થાના આચાર્યને કરવાની રહેશે.

ઉપરોકત સૂચનાઓનો ચુસ્તપણે પાલન કરવાની રહેશે.

સંયુકત ટેકનિકલ શિક્ષણ નિયામક

નકલ રવાનાઃ–

૧. આચાર્ય, રાજયની સરકારી, ગ્રાન્ટ ઈન એઈડ ઈજનેરી/ફાર્મસી કોલેજો પોલીટેકનીકો તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

નકલ રવાનાઃ–

૧. પ્રમુખશ્રી, સ્થાયી તબીબી પંચ, નવી સીવીલ હોસ્પીટલ, અસારવા, અમદાવાદ–૧૬.
૨. પ્રમુખશ્રી, સ્થાયી તબીબી પંચ, એસ.એસ.જી. હોસ્પીટલ, વડોદરા.
૩. પ્રમુખશ્રી, સ્થાયી તબીબી પંચ, ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટલ, જામનગર.
૪. પ્રમુખશ્રી, સ્થાયી તબીબી પંચ, સિવિલ હોસ્પિટલ, મજુરા ગેટ, સુરત.
( શિક્ષણ વિભાગના તા.૧૩–૩–૨૦૦૩ ના ઠરાવ ક્રમાંકઃ ટીઈએમ / ૧૦૨૦૦૩ / ૧ / સ ની નકલ સાથે )

-

# Directorate of Technical Education, Gujarat State
ટેકનીકલ શિક્ષણ નિયામકની કચેરી, ગુજરાત રાજય

બીજે માળે, બ્લોક નં. ૨,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર–૩૮૨ ૦૧૦.

**2nd Floor, Block No. 2,**
**Dr. Jivraj Mehta Bhavan,**
**Gandhinagar – 382 010.**

☎ : (079) 3221883, 3226480 (Ext. 100), 3253546, 3224665
**URL : http://dte.gswan.gov.in**

**TELEFAX :** (079) 3224665
**GRAM :** EDUTECH(N)

**E-MAIL : dteguj@yahoo.co.in, dire-dte@gujarat.gov.in**


ક્રમાંક : પવશ/બદલ/૨૦૦૩/ક(૪) તા. / ૬ / ૨૦૦૩

**ઘણુંજ અગત્યનું :**

પ્રતિ,
૧. પ્રમુખશ્રી,
સ્થાયી તબીબી પંચ,
નવી સીવીલ હોસ્પિટલ, અસારવા,
અમદાવાદ.
૨. પ્રમુખશ્રી,
એસ.એસ.જી. હોસ્પિટલ,
વડોદરા.
૩. પ્રમુખશ્રી,
સ્થાયી તબીબી પંચ,
ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટલ,
જામનગર.
૪. પ્રમુખશ્રી,
સ્થાયી તબીબી પંચ,
સિવિલ હોસ્પિટલ, મજુરા ગેટ,
સુરત.

વિષય :– ગુજરાત રાજયમાં આવેલ એક ઈજનેરી કોલેજ, પોલિટેકનીકમાં
વિદ્યાર્થીઓને બદલી આપવા માટેના નિયમો બાબત.

મહાશય,

સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૧૩–૩–૨૦૦૩ ના ઠરાવ ક્રમાંકઃટીઈએમ/૧૦૨૦૦૩/૧/સ થી ગુજરાત રાજયમાં આવેલ એક ઈજનેરી કોલેજ/પોલીટેકનીક માંથી બીજી ઈજનેરી કોલેજ/પોલીટેકનીકમાં વિદ્યાર્થીઓને બદલી આપવા માટેના નિયમો મંજુર કરવામાં આવેલ છે જેની નકલ આ સાથે મોકલી આપવામાં આવે છે.

-

સદરહું નિયમ–૮માં જણાવ્યા અનુસાર તબીબી બોર્ડએ નીચે મુજબ કાર્યવાહી કરવા વિનંતી છે.

(૧) મેડીકલ બોર્ડ તેમને મળેલ તમામ અરજીઓના વિદ્યાર્થીઓની તબીબી તપાસ કરી તબીયત સંબંધમાં જરૂરી પ્રમાણપત્ર આપશે. જેમાં વિદ્યાર્થીઓને કયા સ્થળો અનુકુળ છે અને કયા પ્રતિકુળ છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરશે.

(૨) મેડીકલ બોર્ડ તેઓને મળેલ અરજીઓના સંબંધે મેડીકલ સર્ટિફિકેટ નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ નિયામકની કચેરી, બ્લોક નં.૨, બીજો માળ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરની કચેરીને રજી. એ.ડી. થી સીધે સીધી મોકલી આપવાની રહેશે.

(૩) આચાર્ય તરફથી અરજીઓ મળ્યા બાદ વધુમાં વધુ ૩૦ દિવસમાં મેડીકલ બોર્ડે તપાસ પ્રમાણપત્રો મોકલવાની તમામ કાર્યવાહી કરવાની રહેશે.

આપની વિશ્વાસુ,

બિડાણ : ઉપર મુજબ.

સંયુકત ટેકનીકલ શિક્ષણ નિયામક

-